# સીડ સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગમાં ચાલતી તાલીમ યોજના “ટ્રેનીંગ પ્રોગ્રામ ઓન સીડ પ્રોડકશન “ અંગેનો અહેવાલ

સીડ સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ ખાતે ચાલતી તાલીમ યોજના “ટ્રેનીંગ પ્રોગ્રામ ઓન સીડ પ્રોડકશન” નું આયોજન તા.૦૭/૦૮/૨૦૧૮ થી તા.૧૦/૦૮/૨૦૧૮ દરમ્યાન કરવામાં આવેલ હતું. જેમાં તાપી જીલ્લાના અલગ-અલગ ગામમાંથી કુલ ૨૬ ખેડૂત તાલીમાર્થીઓ ભાગ લેવા માટે આવેલ હતા. આ તાલીમમાં મહિલા ખેડૂત તાલીમાર્થીઓ પણ ભાગ લીધો હતો.

તાલીમનો ઉદ્ઘાટન સમારોહ વિભાગીય વડા ડો. ક્લ્યાણરાવ પાટીલની હાજરીમાં દિપ પ્રાગટ્ય તથા પ્રાર્થના ગીતથી કરવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં શ્રી.અનિલકુમાર એલ રાવત, મદદનીશ પ્રાધ્યાપક દ્વારા ખેડૂતોનું સ્વાગત અને તાલીમ કાર્યક્રમ વિષે માહિતી આપવામાં આવેલ હતી તથા વિભાગના અન્ય કર્મચારી ગાયત્રીબેન, ડો. અંજિતાબેન, વૃશાંક ત્રિવેદી, ભુમિરાજભાઇ, જિતેન્દ્રભાઇ, વિજયભાઇ અને હિતેશભાઇ હાજર રહયા હતા.

આ તાલીમ કાર્યક્રમમાં ખેડૂતોને અલગ-અલગ પાકમાં બિયારણ ઉત્પાદન કરવા અંગેની તાંત્રિક માહિતી તથા સારી નવી સંશોધન થયેલ પાકોની જાતો વિષે સંપૂર્ણ માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ હતુ.

શ્રી અનિલકુમાર એલ રાવત મદદનીશ પ્રાધ્યાપક, આ.કૃ.યુ. આણંદ, દ્વારા ખેડૂતોને બીજના વિવિધ વર્ગ, ગુણવત્તાવાળા બીજના લક્ષણો, પ્રમાણીત બીજ ઉત્પાદન તથા તેને ખરીદી કરવા માટેના પ્રમાણીત સ્રોત અંગેની માહીતી આપવામાં આવેલી હતી.

ડો. ક્લ્યાણરાવ પાટીલ દ્વારા ડાંગરના પાકમાં સુધારેલ જાતનુ બીજ ઉત્પાદન અંગેની માહીતી આપવામાં આવેલી હતી.

ત્યાર બાદ ખેડૂતોએ આણંદ કૃષિ યુનિવર્સિટીના વિભાગીય સંશોધન કેન્દ્રની મુલાકાત કરેલ હતી. ત્યા ખેડૂતોને સીડ પ્રોસેસીંગ પ્લાન્ટ ખાતે બીયારણનું ક્લીનીંગ, ગ્રેડીંગ અને પેકેજીંગની માહીતી તેમજ પ્રત્યક્ષ મુલાકત કરાવવામાં આવેલ હતી.

ડૉ. એ.બી.બ્રહ્મભટ્ટ પ્રાધ્યાપક અને વડા, વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, દ્વારા બીજ ઉત્પાદન દરમિયાન પાકોમાં આવતા રોગો અને તેનું નિવારણ અંગેની સંપૂર્ણ માહીતી આપવામાં આવેલ હતી.

ડો.આર.કે.ઠુંમ્મર સહ પ્રાધ્યાપકશ્રી, કિટકશાસ્ત્ર  વિભાગ બીજ ઉત્પાદન દરમ્યાન પાકોમાં આવતા જીવાત અને તેનું નિવારણ માટેની માહિતી આપવામાં આવી હતી.

આ તાલીમમાં ખેડૂતોએ મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રની મુલાકાત કરેલ હતી. મુ.શા.સં.કે.,માં તેમને વિવિધ શાકભાજીની નવી જાતો તેમજ તેના બીજ ઉત્પાદન વિષેનુ માર્ગદર્શન આપવામાં આવેલ હતુ.

ત્યારબાદ એજ્યુકેશનલ મ્યુઝીયમ અને પેશી સંવર્ધન વિભાગની મુલાકત કરવામાં આવી હતી. પેશી સંવર્ધન વિભાગ ખાતે ખેડૂતોને પરવળ, દાડમ, ખારેક અને ટીંડોળાના પાકમાં પેશી સંવર્ધન પધ્ધતિથી છોડ ઉગાડવાની માહીતી આપવામાં આવી હતી.

સ.પ્રા.એચ.એન.શેલત દ્વારા જૈવિક ખાતર દ્વારા બીજ માવજત કરવાથી થતા લાભ અને સુક્ષ્મજીવાણું વિભાગની મુલાકાત કરાવામાં આવી હતી.

શ્રી ડૉ.મુકેશ પટેલ દ્વારા બગાયતી પાકોમાં બીજ ઉત્પાદન, નવી સારી સુધારેલી જાતો અને તેમાં ખેતી પધ્ધતી વિષે સંપૂર્ણ માહીતી આપવામાં આવેલ હતી.

ડૉ. એન. જે. જાદવ, પ્રાધ્યાપક અને વડા, એગ્રિક્લ્ચર કેમેસ્ટ્રી એન્ડ સોઇલ **સાયન્સ** દ્વારા બીજ ઉત્પાદન માટે પોષક તત્વોની વ્યવસ્થા અને છોડમાં પોષક તત્વોની ઉણપથી થતા ફેરફારો વિષેનું માર્ગદર્શન આપવામાં આવેલ હતુ.

શ્રી.ગાયત્રીબેન લેબટેકનીશીયન, દ્વારા ખેડૂતોને બીજ પ્રયોગશાળામાં થતી કામગીરી જેવીકે બીજના ઉગવાના ટકા માપવા તેમજ બીજમાં રહેલ ભેજ કઇ રીતે માપવુ તેમજ બીજ ઉપર થતા અલગ-અલગ પરિક્ષણ વિષેની માહિતી આપવમાં આવેલ હતી.

આ ચાર દિવસીય તાલીમનો વિદાય સામારોહ ડૉ.અરુણ પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ની હાજરીમાં યોજવામાં આવ્યો હતો. ડૉ.અરુણ પટેલ દ્વારા ખેડૂતોને સીડ વિલેજ કોન્સેપ્ટ અપનાવવા વિષે, તાલીમ અને બીજના મહત્વ વિષેનું માર્ગદર્શન આપવામાં આવેલ હતુ. આ ઉપરાંત આણંદ કૃષિ યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ વિસ્તરણ અને તાલીમ કાર્યક્રમો વિષેની જાણકારી આપી હતી. વધુમાં તેણે ખેડૂતોને પશુપાલન તેમજ ખેતીના ઓજારો માટે મળતી સબસીડી વિષેની માહિતી આપી હતી.

અંતે ડૉ.અરુણ પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી દ્વારા ખેડૂતોને સર્ટીફિકેટ, બેગ, મેન્યુઅલ તથા કીટ (બિયારણ) નું વિતરણ કરવામાં આવેલ હતુ.

આ તાલિમમાં તાપી જીલ્લામાં થતા મોટા ભાગના પાકો જેવા કે ડાંગર, રીંગણ અને મરચી, ટામેટા, ભીંડા અને કઠોળ પાકોમાં બીજ ઉત્પાદન તેમજ તેમા આવતા રોગ જીવાત અંગેની સંપૂર્ણ માહીતી આપવામાં આવેલ હતી.

આ તાલીમમાં ખેડૂતોએ ખૂબ સારો પ્રતિસાદ આપ્યો હતો. તેમણે અંતમા જણાવ્યુ કે તેઓ ભીંડાના પાકમાં સંકર બીજ ઉત્પાદન કેવી રીતે કરવામાં આવે છે તેની ખેડૂતોને ખુબ જ ઉંડાણ પૂર્વક સમજણ મળી છે. આ ઉપરાંત અન્ય પાકનાં સંકર બીજ ઉત્પાદન અને અન્ય પાકોના જાતોના બીજ ઉત્પાદન વિષેની માહિતી મળી છે. વધુમાં તેમણે જણાવવ્યુ કે, આ તાલીમ તેમને આર્થિક રીતે ખુબ લાભદાયી થશે.




તાપી જીલ્લાના ખેડૂત તાલીમાર્થીઓ સાથે ગૃપ ફોટો

<table>
<tr><td></td><td></td></tr>
<tr><td>ખેડૂત તાલીમાર્થી દ્વારા દિપ પ્રાગટ્ય</td><td>બાગાયત ફાર્મની પ્રત્યક્ષ મુલાકાત</td></tr>
<tr><td></td><td></td></tr>
<tr><td>આર.આર.એસ ફાર્મની ખેડૂત તાલીમાર્થીઓ દ્વારા પ્રત્યક્ષ મુલાકાત</td><td>ખેડુતો દ્વારા તાલીમ વિષેના મંતવ્ય</td></tr>
<tr><td></td><td></td></tr>
<tr><td colspan="2">ડૉ.અરુણ પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી દ્વારા સીડ પ્રોડક્શન મેન્યુઅલ, સર્ટીફીકેટ, બેગ, શાકભાજીનું બિયારણ અને ફોટોગ્રાફ્સ નુ વિતરણ.</td></tr>
</table>